આચાર્ય શ્રી સિધ્ધસેન દિવાકરસૂરિ વિરચિત

# શ્રી વર્ધમાન શક્રસ્તવ





પૂ. આ. શ્રી સિદ્ધસેનદિવાકરસૂરિ વિરચિત

# શ્રી વર્ધમાન શક્રસ્તવ

## ભાવાનુવાદ

અચલગચ્છાધિપતિ પ.પૂ. આ.ભ.

**શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.**

ના શિષ્ય

પ.પૂ.આ.ભ.

**શ્રી મહોદયસાગરસૂરીશ્વરજી મ.સા.**

સં. ૨૦૭૪ - બોરીવલી

જાંબલીગલી ચાતુર્માસ

## સહયોગ, પ્રકાશક તથા પ્રાપ્તિસ્થાન

**શ્રી ભદ્રેશ હીરાચંદ છેડા**

## અર્હમ્ ટૂર

શોપ નં. ૧, 'રાજદીપ',
કસ્તુરબા રોડ નં. ૧,
બોરીવલી(પૂર્વ) મુંબઈ.
૯૯૨૦ ૮૯૦ ૯૪૧
૭૪૯૮ ૮૯૦ ૯૪૧

# : નિમિત્ત :

વિ.સં. ૨૦૭૪ માં બોરીવલી જાંબલી ગલીમાં
**શ્રી સંભવનાથ જૈન દેરાસર પેઢી**ના ઉપક્રમે
રાષ્ટ્રસંત, કચ્છ-કેસરી, અચલગચ્છાધિપતિ
**પ.પૂ.આ.ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી**
**મ.સા.** ના શિષ્ય આગમ દિવાકર
**પ.પૂ.આ.ભ. શ્રી મહોદયસાગરસૂરીશ્વજી**
**મ.સા.** આદિ ઠાણા-૯ ના ચાતુર્માસમાં
પૂજ્યશ્રીની પ્રેરણાથી થયેલ **શ્રી ગૌતમલબ્ધિ**
**તપ**માં ૨૫૦ આરાધકો સાથે
**અ.સૌ. અલ્પાબેન ભદ્રેશ છેડા** દ્વારા થયેલ
**શ્રી ગૌતમલબ્ધિતપની**
અનુમોદનાર્થે



# किंचित् प्रास्ताविकम्

સં. ૨૦૪૫ દ્વિતીય જેઠ સુદ ૧૦ના દિવસે કોઈ ધન્યાતિધન્ય ઘડીએ પ્રસ્તુત પુસ્તિકામાં પ્રકાશિત થઈ રહેલ 'શ્રી વર્ધમાન શક્રસ્તવ' સ્તોત્ર એક પુસ્તિકામાં મારા દષ્ટિપથમાં આવ્યું...

અને તેમાં ૧૧ આલાવામાં વર્ણવાયેલા શ્રી અર્હત્ પરમાત્માના ૨૭૩ જેટલા વિશેષણ વાંચી મનમયૂર હર્ષોન્મત્ત બનીને નાચી ઉઠયું !...

જેમ કોઈ ઘણા દિવસોથી ભૂખ્યા માણસને મનગમતું મિષ્ટ ભોજન મળતાં... કોઈ અત્યંત તૃષાતુર મનુષ્યને સ્વાદિષ્ટ શરબત મળતાં... કે કોઈ આજન્મ દરિદ્ર વ્યકિતને મહાનિધાન મળતાં જેવો આનંદ થાય તેથી પણ અધિક આહ્લાદ પરમાત્માના અદ્ભુત ગુણ ગર્ભિત વિશેષણો વાંચતાં અને તેમનું અર્થચિંતન કરતાં અનુભવાયો !

પરિણામે બે જ દિવસમાં સ્તોત્ર કંઠસ્થ થઈ ગયું અને પ્રતિદિન પ્રાતઃકાલે નિયમિત પાઠ શરૂ થયો.

દિન-પ્રતિદિન સાત્ત્વિક આનંદમાં અભિવૃદ્ધિ થવા લાગી અને આ સ્તોત્રના અચિંત્ય પ્રભાવે જ, તેની નિયમિત આરાધના

કરનારા કેટલાક વિરલ-વિશિષ્ટ આરાધક પ્રભુભક્ત પુણ્યાત્માઓનો અણધાર્યો પરિચય થવા માંડયો.

સંસ્કૃત-ગદ્યમાં પરમાત્માના ૨૭૩ વિશેષણોથી યુક્ત ૧૧ આલાવા તથા તેનો વિશિષ્ટ મહિમા દર્શાવતી ૧૧ ચૂલિકાઓ સહિત આ શ્રી વર્ધમાન શક્રસ્તવની પ્રાપ્તિ, વિક્રમ રાજાના પ્રતિબોધક સમર્થવાદી, કવિશિરોમણિ, પૂજ્ય સિદ્ધસેન દિવાકર સૂરિજી મહારાજને, તેમની ઉપર પ્રસન્ન થયેલા ઈન્દ્ર દ્વારા થઈ હતી, એમ તેની અંતિમ ગાથા પરથી જાણાય છે.

આમાં મંત્ર ગર્ભિત, સઘન અર્થ સભર, સર્વોત્કૃષ્ટ શબ્દો દ્વારા, આ વિશ્વમાં સર્વોત્કૃષ્ટ પુણ્યના ભંડાર, સર્વગુણસંપન્ન, સર્વદોષરહિત, ૬૪ ઈન્દ્રો સહિત અસંખ્ય સમ્યગ્દષ્ટિ દેવો દ્વારા પૂજિત શ્રી અરિહંત પરમાત્માની વિશિષ્ટ રીતે સ્તવના કરવામાં આવી છે, એટલે તેનું ભક્તિપૂર્વક નિયમિત આરાધના કરનાર આરાધકના જીવનમાં મુક્તિની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી અનેક પ્રકારના ભૌતિક લાભોની પ્રાપ્તિ પણ સહજ રીતે, આનુષંગિક લાભ રૂપે થાય છે. તેનો નિર્દેશ આ સ્તોત્રની ૧૧ ચૂલિકાઓમાં કરવામાં આવ્યો છે.

પરંતુ વિવેકી આરાધકોએ ખાસ લક્ષમાં રાખવું ઘટે કે બધા ભૌતિક લાભ તો, સાધના માર્ગમાં પ્રગતિ થઈ રહી છે તેને

દર્શાવનાર નિશાની માત્ર છે. પરંતુ, પ્રભુ ભક્તિનું નિશાન(ધ્યેય) તો એક માત્ર મોક્ષ જ હોવું ઘટે. Mile Stone (સીમા ચિહ્ન) પાસે અટકી જનાર સાધક કદી મંઝિલે પહોંચી શકતો નથી. તેમ ભૌતિક સિદ્ધિઓ કે બાહ્ય ચમત્કારોમાં અટવાઈ જનાર સાધક અધવચ્ચેથી જ માર્ગચ્યુત થઈ જાય છે. તે કદી પરમોચ્ચ સિદ્ધિને પામી શકતો નથી.

વિશિષ્ટ પર્વ દિવસે, વિનયપૂર્વક ગુરુમુખેથી આ સ્તોત્રનો પાઠ ગ્રહણ કરી, શુદ્ધ ઉચ્ચાર પૂર્વક કંઠસ્થ કરવા પ્રયત્ન કરવો જોઈએ. જેમને ગોખવાનું ન ફાવતું હોય તેમણે દરરોજ પુસ્તકમાંથી જોઈને, શુદ્ધ ઉચ્ચારપૂર્વક પાઠ કરવો જોઈએ. આમ કરવાથી પણ થોડા મહિનાઓમાં આપોઆપ તે કંઠસ્થ થઈ જશે.

શક્ય હોય તો ત્રિકાળ અથવા છેવટે રોજ બનતાં સુધી પાતઃકાળે ૧ વખત જિન મંદિરમાં, ઉપાશ્રયમાં કે ઘરે પ્રભુની પ્રતિકૃતિ સમક્ષ, ભાવપૂર્વક, અર્થના ઉપયોગપૂર્વક આ સ્તોત્રનો સ્વાધ્યાય વિગેરે કરવાથી અપૂર્વ આનંદની અનુભૂતિ થવા લાગશે.

પરમાત્માની સ્તુતિ દ્વારા પોતાની જીભને પવિત્ર બનાવવી એમાં જ આ સંસાર રૂપી અટવીમાં જન્મ પામેલા માનવોની સાર્થકતા છે.

પ્રભુનામનો મહિમા તથા પરમાત્માના ગુણોનું સંપૂર્ણ

વર્ણન તો ખુદ કેવલજ્ઞાની તીર્થંકર પરમાત્મા પોતાની ૩૫ ગુણવિશિષ્ટ વાણી દ્વારા પણ કરી શકતા નથી કારણ કે શબ્દશક્તિ મર્યાદિત છે. પ્રભુના અનંત ગુણો તો સ્વયં વીતરાગ બનીને જ અનુભવી શકાય.

પ્રભુના નામથી પ્રેમ, પ્રેમથી ભાવ, ભાવથી મહાભાવને પ્રાપ્ત કરી અંતે ભાવાતીત દશાને પ્રાપ્ત કરી શકાય છે.

'પ્રભુનું નામ એ પારસમણિ છે. જે મનરૂપી લોખંડને સુવર્ણ બનાવે છે; તો નમસ્કાર એ અચિન્ત્ય ચિંતામણિ છે. તે આત્મારૂપી સુવર્ણને પારસ બનાવે છે. નામ પ્રભુનો પરિચય કરાવે છે. જ્યારે નમસ્કાર પ્રભુ પ્રત્યે સમર્પણ કરાવે છે.'

તો ચાલો હવે આપણે પણ વર્ધમાન શક્રસ્તવના નિયમિત સ્વાધ્યાય દ્વારા આપણી જાતને પ્રભુ પ્રત્યે સમર્પિત કરીને સદાને માટે નિશ્ચિંત બની જઈએ.

પાંતે વર્ધમાન શક્રસ્તવના આરાધક, પ્રચારક, અનુમોદક, સર્વ પુણ્યાત્માઓની હાર્દિક અનુમોદના...

લિ.
સૂરિ ગુણચરણરેણુ
આ. મહોદયસાગર સૂરિ (ગુણબાલ)

# શ્રી વર્ધમાન શક્રસ્તવ

## (પ્રારંભિક શુભ ભાવના તથા સંકલ્પ)

(જયજય વીતરાગ, દેવાધિદેવ, ત્રિલોકીનાથ, જગતગુરૂ, જગનાથ, જગબંધવ, જગસત્થવાહ, જગમિત્ત, જગકલ્લાણ, તરણતારણ, દુઃખનિવારણ, દીનબંધુ, દયાસિંધુ, કરૂણારસમહોદધિ..! તારય તારય નાથ તારય. હે જગદાનંદ પ્રભો..! આપ આ અવનીતલ પર અવતર્યા એ સમગ્ર સૃષ્ટિનું પરમોચ્ચ સદ્ભાગ્ય છે. આપના અચિંત્ય પ્રભાવે જગતના સઘળાય જીવોના દુઃખ-દારિદ્ર, રોગ-શોક, સંતાપ વિનષ્ટ થાઓ. આપના અપૂર્વ ચરણોમાં કરેલી ભક્તિભીની ક્રોડો ક્રોડો વંદનાના પ્રભાવે મારા જન્મજન્માંતરોની વિષયભોગની વાસના વિનષ્ટ થાઓ. નિરતિચાર પરમવિશુદ્ધ નિર્મળ પવિત્ર એવા સંયમ જીવનની પ્રાપ્તિ થાઓ. અસંખ્ય દેવો અને દેવેન્દ્રોએ શક્રસ્તવ દ્વારા કરેલી આપની સ્તુતિ સ્તવનના પ્રત્યેક અક્ષરેથી પ્રચંડ શક્તિનો પ્રવાહ વહો જે પ્રવાહ મારા..

(અહીં જે જે શુભ મનોરથ હોય તે તે ચિંતવવા, પૂર્ણ થાઓ.)

જયતુ જયતુ નિત્યં શ્રીવીતરાગઃ!

જયતુ જયતુ નિત્યં શ્રીશક્રેન્દ્રઃ!

જયતુ જયતુ નિત્યં શ્રીસિધ્ધસેનદિવાકરસૂરિઃ!

જયતુ જયતુ નિત્યં પરમોપકારી શ્રીગુરૂદેવઃ!

જયતુ જયતુ નિત્યં શ્રીવર્ધમાન શક્રસ્તવઃ!

## આચાર્ય શ્રી સિધ્ધસેન દિવાકરસૂરિ વિરચિત

## ॥ શ્રી વર્ધમાન શક્રસ્તવઃ ॥

**ૐ નમો**

**અર્હતે**

૧ ભગવતે,

૨ પરમાત્મને,

૩ પરમ-જ્યોતિષે,

૪ પરમપરમેષ્ઠિને,

૫ પરમ-વેધસે,

૬ પરમ-યોગિને,

૭ પરમેશ્વરાય,

૮ તમસઃ પરસ્તાત્,

૯ સદોદિતા-દિત્યવાર્ણાય,

૧૦ સમૂલોન્મૂલિતા-નાદિ-સકલ-કલેશાય. ૧

**ૐકાર પૂર્વક નમસ્કાર થાઓ.**
**અર્હત્‌ને,**

૧ ભગવાનને (સર્વોત્કૃટ ઐશ્વર્યાદિકથી યુકતને),
૨ પરમાત્માને,
૩ કેવલજ્ઞાન રૂપ શ્રેષ્ઠ જ્યોતિમયને,
૪ પંચ પરમેષ્ઠીઓમાં શ્રેષ્ઠને,
૫ સર્વ વિદ્યાદિના પરમ જ્ઞાતાને,
૬ ઉત્કૃષ્ટ યોગીને,
૭ પરમ ઐશ્વવર્યના સ્વામીને,
૮ અજ્ઞાનરૂપ અંધકારથી પર થયેલાને,
૯ સદાય ઉદય પામેલા સૂર્ય જેવી કાંતિવાળાને,
૧૦ અનાદિકાલીન સર્વ કલેશોનો મૂળ સહિત નાશ કરનારને. ૧

ॐ નમો

અર્હતે

૧૧ ભૂ-ર્ભુવઃ-સ્વસ્ત્રયી-નાથ-મૌલિ-
મન્દાર-માલા-ર્ચિત-ક્રમાય,

૧૨ સકલ-પુરુષાર્થ-યોનિ-નિરવદ્ય-
વિદ્યા-પ્રવર્તનૈક-વીરાય,

૧૩ નમઃ સ્વસ્તિ-સ્વધા-સ્વાહા-
વષડર્થૈ-કાન્ત-શાંતમૂર્તયે

૧૪ ભવદ્-ભાવિ-ભૂત-ભાવાવભાસિને,

૧૫ કાલપાશ-નાશિને,

૧૬ સત્ત્વ-રજસ્તમો-ગુણાતીતાય,

૧૭ અનન્તગુણાય,

ૐકાર પૂર્વક નમસ્કાર થાઓ.
અર્હત્‌ને,

૧૧ પાતાલ, પૃથ્વી અને સ્વર્ગ સ્વરૂપ ત્રણેય લોકના સ્વામી એવા ઈન્દ્રાદિના મુગટમાં રહેલી કલ્પવૃક્ષના પુષ્પોની માળાથી જેમના ચરણ પૂજાયેલા છે તેમને,

૧૨ સર્વ પુરુષાર્થોનું ઉત્પત્તિ સ્થાન એવી નિર્દોષ વિદ્યાઓને પ્રવર્તાવવામાં અદ્વિતીય વીરને,

૧૩ નમઃ, સ્વસ્તિ, સ્વધા અને વષટ્‌ના અર્થથી અત્યંત શાંત આકૃતિવાળાને,

૧૪ વર્તમાન, ભવિષ્ય અને ભૂતકાળના સર્વ ભાવોનું પ્રકાશન કરનારને,

૧૫ મૃત્યુરૂપી બંધનનો નાશ કરનારાને,

૧૬ સત્ત્વ, રજો અને તમો ગુણથી પર થયેલોને,

૧૭ અનંત ગુણોથી યુકતને,

૧૮ વાઙ્-મનોઽગોચર-ચરિત્રાય,

૧૯ પવિત્રાય,

૨૦ કરણ-કારણાય,

૨૧ તરણ-તારણાય,

૨૨ સાત્ત્વિક-દૈવતાય,

૨૩ તાત્ત્વિક-જીવિતાય,

૨૪ નિર્ગ્રન્થ-પરમ-બ્રહ્મ-હૃદયાય,

૨૫ યોગીન્દ્ર-પ્રાણનાથાય,

૨૬ ત્રિભુવન-ભવ્ય-કુલ-નિત્યોત્સવાય

૧૮ વાણી અને મનથી અગમ્ય એવા વિશિષ્ટ ચરિત્રવાળાને,

૧૯ પવિત્રને,

૨૦ ધર્મ કરનાર અને કરાવનારને, અથવા ધર્મ કરવામાં કારણરૂપને,

૨૧ તરનાર અને તારનારને, અથવા સંસાર સાગરથી તારવા માટે જહાજ સમાનને,

૨૨ સાત્ત્વિક દેવતાને,

૨૩ તત્ત્વમય જીવન જીવનારાને,

૨૪ ગ્રંથીઓથી રહિત એવા વિશુદ્ધ આત્મસ્વરૂપના રહસ્ય પામેલાને,

૨૫ યોગીન્દ્રોના ભાવપ્રાણોનું યોગ-ક્ષેમ કરનારા નાથને,

૨૬ ત્રાણ ભુવનમાં રહેલા જીવોના સમૂહને માટે સદાય ઉત્સવ રૂપને,

૨૭ વિજ્ઞાના-નન્દ-પરબ્રહ્મૈ-કાત્મ્ય-સાત્મ્ય-
સમાધયે,

૨૮ હરિ-હર-હિરણ્યગર્ભાદિ-દેવતા-પરિકલિત-
સ્વરૂપાય,

૨૯ સમ્યક્-શ્રદ્ધેયાય,

૩૦ સમ્યગ્ધ્યેયાય,

૩૧ સમ્યક્-શરણ્યાય,

૩૨ સુસમાહિત-સમ્યક્-સ્પૃહણીયાય. ૨

૨૭ વિશિષ્ટ જ્ઞાન અને આનંદમય વિશુદ્ધ આત્મસ્વરૂપ સાથે એકરૂપ થયેલ આત્મહિતકર સમાધિવાળાને,

૨૮ વિષ્ણુ, શંકર, બ્રહ્મા આદિ દેવતાઓના સ્વરૂપને ધારણ કરનારાને, અથવા ઉપરોક્ત દેવો વડે અજ્ઞાત સ્વરૂપવાળાને,

૨૯ સારી રીતે શ્રદ્ધા કરવા યોગ્યને,

૩૦ સારી રીતે ધ્યાન કરવા યોગ્યને,

૩૧ સારી રીતે શરણ કરવા યોગ્યને,

૩૨ સુંદર સમાધિપૂર્વક સારી રીતે ઝંખવા યોગ્યને, અથવા સુંદર સમાધિને પ્રાપ્ત એવા યોગીઓ માટે પણ ઝંખના કરવા યોગ્ય સ્વરૂપવાળાને. ૨

ૐ નમો

અર્હતે

૩૩ ભગવતે,

૩૪ આદિકરાય,

૩૫ તિર્થંકરાય,

૩૬ સ્વયં સમ્બુદ્ધાય,

૩૭ પુરુષોત્તમાય,

૩૮ પુરુષ-સિંહાય,

૩૯ પુરુષ-વરપુન્ડરીકાય,

૪૦ પુરુષ-વર-ગન્ધહસ્તિને,

૪૧ લોકોત્તમાય,

૪૨ લોકનાથાય,

૪૩ લોકહિતાય,

**ॐકાર પૂર્વક નમસ્કાર થાઓ.**
**અર્હત્‌ને,**

૩૩ સર્વોત્કૃષ્ટ ઐશ્વર્યાદિથી યુક્ત-ભગવંતને
૩૪ ધર્મના આદિ કરનારાને,
૩૫ ચતુર્વિધ સંઘ રૂપી તીર્થની સ્થાપના કરનારને,
૩૬ સ્વયં સમ્યક્ રીતે બોધ પામેલાને,
૩૭ પુરુષોમાં ઉત્તમને,
૩૮ પુરુષોમાં સિંહ સમાન પરાક્રમીને,
૩૯ પુરુષોમાં શ્રેષ્ઠ કમલ સમાનને,
૪૦ પુરુષોમાં શ્રેષ્ઠ ગંધહસ્તી સમાનને,
૪૧ લોકમાં ઉત્તમને,
૪૨ ભવ્યાત્માઓ રૂપી લોકના યોગ-ક્ષેમ કરનારા હોવાથી નાથને
૪૩ સર્વ જીવોને માટે હિતકારીને

૪૪ લોક-પ્રદીપાય,

૪૫ લોક-પ્રદ્યોત-કારિણે,

૪૬ અભયદાય,

૪૭ દ્રષ્ટિદાય,

૪૮ મુક્તિદાય,

૪૯ માર્ગદાય,

૫૦ બોધિદાય,

૫૧ જીવદાય,

૫૨ શરણદાય,

૫૩ ધર્મદાય,

૫૪ ધર્મ-દેશકાય,

૫૫ ધર્મ-નાયકાય,

૫૬ ધર્મ-સારથયે,

૪૪ લોકમાં પ્રદીપ સમાન પ્રકાશકને,
૪૫ સૂર્યની માફક જગતના સર્વ ભાવોને પ્રકાશિત કરનારને,
૪૬ અભયદાનના આપનારને,
૪૭ સમ્યક્ જ્ઞાન રૂપી દ્રષ્ટિને આપનારને,
૪૮ મોક્ષદાતાને,
૪૯ સમ્યગ્દર્શનાદિ સ્વરૂપ મોક્ષમાર્ગના આપનારને,
૫૦ બોધિ અર્થાત સમ્યક્ત્વના દેનારને,
૫૧ ભાવ પ્રાણોરૂપ જીવિતના દેનારને,
૫૨ શરણના દેનારને
૫૩ ધર્મના દેનારને,
૫૪ ધર્મના ઉપદેશકને,
૫૫ ધર્મના નાયકને,
૫૬ ધર્મરૂપી રથના સારથિને,

૫૭ ધર્મ-વર-ચાતુરન્ત-ચક્રવર્તિને,

૫૮ વ્યાવૃત્ત-છદ્મને,

૫૯ અપ્રતિહત સમ્યગ્ જ્ઞાન-દર્શન-સદ્મને,

**ૐ નમો**

**અર્હતે**

૬૦ જિનાય,

૬૧ જાપકાય,

૬૨ તીર્ણાય,

૬૩ તારકાય,

૬૪ બુદ્ધાય,

૬૫ બોધકાય,

૫૭ ચાર ગતિનો અંત કરનાર ધર્મરૂપી શ્રેષ્ઠ ચક્રને ધારણ કરનાર ધર્મ ચક્રવર્તીને,

૫૮ છદ્મસ્થ અવસ્થાથી પર થએલાને,

૫૯ અસ્ખલિત એવા સમ્યક્ જ્ઞાન તથા સમ્યક્ દર્શનના સ્થાનભૂતને. ૩

## ૐકાર પૂર્વક નમસ્કાર થાઓ.
## અર્હત્‌ને,

૬૦ રાગાદિ આંતર શત્રુઓના જીતનારાને,

૬૧ ઉપદેશ દ્વારા ભવ્ય જીવોને રાગાદિ આંતર શત્રુઓનો જય કરાવનારાને,

૬૨ સંસાર સમુદ્રથી તરી ગયેલાને,

૬૩ ભવ્યાત્માઓને સંસાર સાગરથી તારનારાને,

૬૪ સ્વયં બોધ પામેલાને,

૬૫ અન્ય જીવોને બોધ પમાડનારાને,

૬૬ મુક્તાય,

૬૭ મોચકાય,

૬૮ ત્રિકાલવિદે,

૬૯ પારંગતાય,

૭૦ કર્માષ્ટક-નિષૂદનાય,

૭૧ અધીશ્વરાય,

૭૨ શમ્ભવે,

૭૩ જગત્પ્રભવે,

૭૪ સ્વયમ્ભુવે,

૭૫ જિનેશ્વરાય,

૭૬ સ્યાદ્વાદવાદિને,

૬૬ કર્મબંધનોથી મુક્ત થયેલાને,

૬૭ ભવ્ય જીવોને કર્મબંધથી મુક્ત કરાવનારને,

૬૮ ભૂત-ભાવી-વર્તમાન રૂપ ત્રણેય કાળના જાણનારાને,

૬૯ સંસાર સાગરના પારને પામેલાને,

૭૦ આઠ કર્મોનો વિનાશ કરનારાને,

૭૧ પરમ ઈશ્વરને,

૭૨ સર્વ જીવોનો સુખકારીને,

૭૩ જગતના પ્રભુને,

૭૪ પોતાની મેળે તીર્થંકર બનનારને અથવા કામદેવ સમાન રૂપવાળાને,

૭૫ સામાન્ય કેવલી આદિ જિનોમાં ઈશ્વર તુલ્યને,

૭૬ સ્યાદ્વાદ સિધ્ધાંતની પ્રરૂપણા કરનારને,

૭૭ સાવાર્ય,

૭૮ સર્વજ્ઞાય,

૭૯ સર્વદર્શિને,

૮૦ સર્વતીર્થો-પનિષદે,

૮૧ સર્વપાષણ્ડમોચિને,

૮૨ સર્વ-યજ્ઞ-ફલાત્મને,

૮૩ સર્વજ્ઞ-કલાત્મને,

૮૪ સર્વયોગ-રહસ્યાય,

૮૫ કેવલિને,

૮૬ દેવાધિદેવાય,

૮૭ વીતરાગાય. ૪

૭૭ સર્વ જીવોને માટે હિતકારીને,

૭૮ સર્વ ભાવોના જાણનારાને,

૭૯ સર્વ ભાવોના જોનારાને,

૮૦ સર્વ તીર્થોના રહસ્યભૂતને,

૮૧ સર્વ મિથ્યામતોથી મૂકાવનારાને,

૮૨ સર્વ યજ્ઞોના (પૂજનોના) ફળસ્વરૂપને,

૮૩ સર્વજ્ઞપણાની કળાથી યુકતને,

૮૪ સર્વ યોગ સાધનાઓના રહસ્યભૂતને,

૮૫ કેવલજ્ઞાનથી યુકતને,

૮૬ ઈન્દ્રાદિ દેવોના પણ દેવને,

૮૭ સર્વથા રાગ રહિતને. ૪

**ૐ નમો**
**અર્હતે**

૮૮ પરમાત્મને,

૮૯ પરમાપ્તાય,

૯૦ પરમ કારુણિકાય,

૯૧ સુગતાય,

૯૨ તથાગતાય,

૯૩ મહાહંસાય,

૯૪ હસંરાજાય,

૯૫ મહાસત્ત્વાય,

૯૬ મહાશિવાય,

૯૭ મહાબોધાય,

૯૮ મહામૈત્રાય,

**ૐકાર પૂર્વક નમસ્કાર થાઓ.**
**અર્હત્‌ને,**

૮૮ પરમાત્માને,

૮૯ પરમ આપ્ત પુરૂષને,

૯૦ પરમ કરુણાવંતને,

૯૧ સુંદર(સમ્યક્) જ્ઞાનવાનને, અથવા શુભ ગતિને પામેલાને,

૯૨ વિશિષ્ટ જ્ઞાનવંતને,

૯૩ મહાન સંયમીને,

૯૪ સંયમીઓના સ્વામીને,

૯૫ મહા સત્ત્વશાળીને,

૯૬ મહા મંગલકારીને,

૯૭ મહાન બોધ સ્વરૂપને,

૯૮ સર્વોત્કૃષ્ટ મૈત્રીને ધારણ કરનારને,

૯૯ સુનિશ્ચિતાય,

૧૦૦ વિગત-દ્વન્દ્વાય,

૧૦૧ ગુણાબ્ધયે,

૧૦૨ લોકનાથાય,

૧૦૩ જિત-માર-બલાય. ૫

**ૐ નમો**
**અર્હતે**

૧૦૪ સનાતનાય,

૧૦૫ ઉત્તમ-શ્લોકાય,

૧૦૬ મુકુન્દાય,

૧૦૭ ગોવિન્દાય,

૧૦૮ વિષ્ણવે,

૯૯ સારી રીતે નિશ્ચય કરનારને,

૧૦૦ હર્ષ શોકાદિ દ્વન્દ્વોથી રહિતને,

૧૦૧ ગુણોના સાગરને,

૧૦૨ ભવ્ય જીવોના નાથને,

૧૦૩ કામદેવના સૈન્યને જીતનારાને. ૫

**ૐકાર પૂર્વક નમસ્કાર થાઓ.**
**અર્હત્‌ને,**

૧૦૪ શાશ્વત સ્થિતિને પામેલાને,

૧૦૫ ઉત્તમ યશને પામેલાને,

૧૦૬ જ્ઞાનાદિ ગુણરત્નોના ભંડાર અથવા મનુષ્યોમાં રત્ન સમાનને,

૧૦૭ છકાય જીવોનું રક્ષણ કરનાર મહાગોપને,

૧૦૮ મુક્તિરૂપી લક્ષ્મી માટે વિષ્ણુ સમાનને,

૧૦૯ જિણગવે,

૧૧૦ અનન્તાય,

૧૧૧ અચ્યુતાય,

૧૧૨ શ્રીપતયે,

૧૧૩ વિશ્વરૂપાય,

૧૧૪ હૃષીકેશાય,

૧૧૫ જગન્નાથાય,

૧૧૬ ભૂર્ભુવઃ સ્વઃ સમુત્તારાય,

૧૧૭ માનંજરાય,

૧૧૮ કાલંજરાય,

૧૧૯ ધ્રુવાય,

૧૨૦ અજાય,

૧૨૧ અજેયાય,

૧૦૯ સર્વત્ર જયને પામનારાને,
૧૧૦ અંત રહિત અવસ્થાને પામેલાને,
૧૧૧ પોતાના સ્વરૂપથી પતિત નહિ થનારાને,
૧૧૨ ચોત્રીશ અતિશયાદિ લક્ષ્મીના સ્વામીને,
૧૧૩ કેવલી સમુદ્ઘાત સમયે ૧૪ રાજલોક રૂપ વિશ્વ જેવા સ્વરૂપવાળાને,
૧૧૪ ઈન્દ્રિયોના માલિકને,
૧૧૫ ત્રણે જગતના સ્વામીને,
૧૧૬ પાતાલ, પૃથ્વી અને સ્વર્ગના લોકોને સારી રીતે તારનારાને,
૧૧૭ માન કષાયનો ક્ષય કરનારાને,
૧૧૮ મૃત્યુનો નાશ કરનારાને,
૧૧૯ ધ્રુવપદ-મોક્ષને પ્રાપ્ત કરનારાને,
૧૨૦ ફરી જન્મ નહિ પામનારાને,
૧૨૧ કોઈથી પણ ન જીતી શકાય તેવાને,

૧૨૨ અજરાય,

૧૨૩ અચલાય,

૧૨૪ અવ્યયાય,

૧૨૫ વિભવે,

૧૨૬ અચિન્ત્યાય,

૧૨૭ અસંખ્યેયાય,

૧૨૮ આદિ-સંખ્યાય,

૧૨૯ આદિ-કેશવાય,

૧૩૦ આદિ-શિવાય,

૧૩૧ મહાબ્રહ્મણે,

૧૩૨ પરમશિવાય,

૧૩૩ એકા-નેકા-નન્ત-સ્વરૂપિણે,

૧૨૨ વૃધ્ધાવસ્થાને નહિ પામનારાને,

૧૨૩ ચલાયમાન નહીં થનારાને,

૧૨૪ કદી પણ વ્યય-નાશ નહિ પામનારાને,

૧૨૫ જ્ઞાનગુણથી સર્વ વ્યાપકને,

૧૨૬ મનથી ન ચિંતવી શકાય તેવા અદ્‌ભુત સ્વરૂપવાલાને,

૧૨૭ સંખ્યાતીત ગુણોવાળાને,

૧૨૮ શ્રેષ્ઠ પુરુષોમાં પ્રથમને,

૧૨૯ પરમેષ્ઠીઓમાં અગ્રણીને,

૧૩૦ કલ્યાણકારીઓમાં મુખ્યને,

૧૩૧ તપસ્વીઓમાં અથવા યથાર્થ તત્ત્વવેદીઓમાં અગ્રણીને,

૧૩૨ પરમ કલ્યાણ સ્વરૂપને,

૧૩૩ એક, અનેક, અનંત સ્વરૂપવાળાને,

૧૩૪ ભાવા-ભાવ-વિવર્જિતાય,

૧૩૫ અસ્તિ-નાસ્તિ-દ્વયાતીતાય,

૧૩૬ પુણ્ય-પાપ-વિરહિતાય,

૧૩૭ સુખ-દુઃખ-વિવિકતાય,

૧૩૮ વ્યકતા-વ્યકત-સ્વરૂપાય,

૧૩૯ અનાદિ-મધ્ય-નિધનાય,

નમોઽસ્તુ .

૧૪૦ મુકતીશ્વરાય,

૧૪૧ મુકિત-સ્વરૂપાય. ૬

૧૩૪ ભાવ અને અભાવથી રહિતને અર્થાત જન્મ મરણથી મુક્ત થયેલાને,

૧૩૫ અસ્તિ અર્થાત સંસાર રૂપ સ્થિતિ અને નાસ્તિ અર્થાત મોક્ષરૂપ અસ્થિતિ એ બંને દોષને દૂર કરનારાને,

૧૩૬ શુભ અને અશુભ બંને પ્રકારના કર્મોથી રહિત થયેલાને,

૧૩૭ સાંસારિક સુખ-દુઃખથી રહિતને,

૧૩૮ સર્વજ્ઞ માટે સ્પષ્ટ અને છદ્મસ્થ માટે અસ્પષ્ટ સ્વરૂપવાળાને, અથવા સાકાર નિરાકાર સ્વરૂપવાળાને,

૧૩૯ આદિ-મધ્ય-અંત રહિતને,

૧૪૦ નમસ્કાર થાઓ મુક્તિના સ્વામિને,

૧૪૧ મુક્તિસ્વરૂપને. ૬

ૐ નમો
અર્હતે

૧૪૨ નિરાતંકાય,

૧૪૩ નિઃસંગાય,

૧૪૪ નિઃશંકાય,

૧૪૫ નિર્મલાય,

૧૪૬ નિર્દ્વન્દ્વાય,

૧૪૭ નિસ્તરંગાય,

૧૪૮ નિરૂર્મયે,

૧૪૯ નિરામયાય,

૧૫૦ નિષ્કલંકાય,

૧૫૧ પરમદૈવતાય,

૧૫૨ સદાશિવાય,

૧૫૩ મહાદેવાય,

ॐકાર પૂર્વક નમસ્કાર થાઓ.
અર્હત્‌ને,

૧૪૨ સર્વ પીડાઓ તથા ભયોથી રહિતને,

૧૪૩ સર્વ સંગથી મુક્ત થએલાને,

૧૪૪ સર્વ શંકાઓથી રહિતને,

૧૪૫ કર્મ રૂપી મળથી રહિતને,

૧૪૬ સર્વ દ્વન્દ્વોથી રહિતને,

૧૪૭ વિકલ્પોથી રહિતને,

૧૪૮ ઉત્સુકતા-ક્ષોભ-સર્વ રોગોથી રહિતને,

૧૪૯ દ્રવ્ય-ભાવ-સર્વ રોગોથી રહિતને,

૧૫૦ કલંકથી રહિતને,

૧૫૧ દેવતાઓમાં શિરોમણિને,

૧૫૨ સદા કલ્યાણમયને,

૧૫૩ મહાન દેવને,

૧૫૪ શંકરાય,
૧૫૫ મહેશ્વરાય,
૧૫૬ મહાવ્રતિને,
૧૫૭ મહાયોગિને,
૧૫૮ મહાત્મને,
૧૫૯ પંચમુખાય,
૧૬૦ મૃત્યુંજયાય,
૧૬૧ અષ્ટમૂર્તયે,
૧૬૨ ભૂતનાથાય,
૧૬૩ જગદાનન્દદાય,
૧૬૪ જગત્પિતામહાય,
૧૬૫ જગદ્દેવાધિદેવાય,
૧૬૬ જગદીશ્વરાય,

૧૫૪ સુખને-કલ્યાણને કરનારાને,

૧૫૫ મહાન ઈશ્વરને,

૧૫૬ મહાવ્રતધારીને અથવા વ્રતધારીઓમાં મહાનને,

૧૫૭ મહાન યોગીને,

૧૫૮ મહાન આત્માને,

૧૫૯ જ્ઞાન-દર્શન-ચારિત્ર-તપ-વીર્ય રૂપ પાંચ મુખવાળાને,

૧૬૦ મૃત્યુનો જય કરનારાને,

૧૬૧ અનંત જ્ઞાનાદિ આઠ ગુણોવાળાને,

૧૬૨ ભવ્ય પ્રાણીઓના નાથને,

૧૬૩ જગતના જીવોને આનંદ આપનારને,

૧૬૪ જગતના પિતામહ(દાદા) ને,

૧૬૫ જગતના દેવોના પણ દેવને,

૧૬૬ જગતના ઈશ્વરને,

૧૬૭ જગદાદિ-કન્દાય,

૧૬૮ જગદ્ભાસ્વતે,

૧૬૯ જગત્કર્મ-સાક્ષિણે,

૧૭૦ જગચ્ચક્ષુષે,

૧૭૧ ત્રયીતનવે,

૧૭૨ અમૃતકરાય,

૧૭૩ શીતકરાય,

૧૭૪ જ્યોતિચક્ર-ચક્રિણે,

૧૭૫ મહાજ્યોતિ-દ્યોતિતાય,

૧૭૬ મહાતમ:પારે-સુપ્રતિષ્ઠિતાય,

૧૭૭ સ્વયં કર્ત્રે,

૧૭૮ સ્વયં હર્ત્રે,

૧૬૭ ધર્મમય જગતનાં આદિ કંદ સ્વરૂપને,

૧૬૮ જગત્ પ્રકાશક સૂર્ય સમાનને,

૧૬૯ વિશ્વના સર્વ કાર્યમાં સાક્ષીભૂતને,

૧૭૦ વિશ્વના નેત્ર સમાનને,

૧૭૧ જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપ ત્રણ શરીરવાળાને,

૧૭૨ અમરદશા(મોક્ષને) આપનારાને,

૧૭૩ સંસારના તાપથી તપેલા જીવોને શીતલતા આપનારાને,

૧૭૪ જ્યોતિષચક્રમાં ચક્રવર્તી સમાનને,

૧૭૫ કેવલજ્ઞાન રૂપ મહાજ્યોતિથી પ્રકાશનારને,

૧૭૬ અજ્ઞાનરૂપ અંધકારની સામે પાર સુસ્થિર થયેલાને,

૧૭૭ સ્વ-પુરુષાર્થથી જ મોક્ષમાર્ગના કરનારને,

૧૭૮ સ્વ-પુરુષાર્થથી જ કર્મ શત્રુઓનો સંહાર કરનારને,

૧૭૯ સ્વયં પાલકાય,

૧૮૦ આત્મેશ્વરાય,

૧૮૧ નમો વિશ્વાત્મને. ૭

**ૐ નમો**

**અર્હતે**

૧૮૨ સર્વદેવમયાય,

૧૮૩ સર્વધ્યાનમયાય,

૧૮૪ સર્વજ્ઞાનમયાય,

૧૮૫ સર્વતેજોમયાય,

૧૮૬ સર્વમંત્રમયાય,

૧૮૭ સર્વરહસ્યમયાય,

૧૭૯ પોતાની મેળે જ સ્વ-પરનું પાલન કરનારને,

૧૮૦ પોતાના માલિકને અર્થાત્ કર્મની ગુલામીથી મુકત થયેલાને,

૧૮૧ જગતના જીવોને સ્વાત્માની જેમ જોનારાને નમસ્કાર થાઓ. ૭

**ૐકાર પૂર્વક નમસ્કાર થાઓ.**
**અર્હત્‌ને,**

૧૮૨ વિશ્વના સર્વદેવોની ઉપમાને પામેલાને,

૧૮૩ સર્વ પ્રશસ્ત ધ્યાનમયને,

૧૮૪ સર્વ પ્રકારના જ્ઞાન સ્વરૂપને,

૧૮૫ સર્વ પ્રકારના તેજ (પ્રભાવ) થી યુકતને,

૧૮૬ જેમનામાં સર્વ મંત્રો સમાવિષ્ટ થાય છે તેમને,

૧૮૭ સઘળા રહસ્યના સ્થાનભૂતને.

૧૮૮ સર્વ-ભાવાભાવ-જીવાજીવેશ્વરાય,

૧૮૯ અરહસ્ય-રહસ્યાય,

૧૯૦ અસ્પૃહ-સ્પૃહણીયાય,

૧૯૧ અચિન્ત્ય-ચિન્તનીયાય,

૧૯૨ અકામ-કામધેનવે,

૧૯૩ અસંકલ્પિત-કલ્પદ્રુમાય,

૧૯૪ અચિન્ત્ય-ચિન્તામણયે,

૧૮૮ સર્વ-ભાવ-અભાવ-જીવ તથા અજીવના માલિકને,
૧૮૯ જેઓને કંઇ રહસ્ય(ગુપ્ત) રહ્યું નથી, એવા યોગીઓ માટે પણ રહસ્ય ભૂતને,
૧૯૦ સ્પૃહા રહિત એવા મહાત્માઓ દ્વારા પણ સ્પૃહા કરવા યોગ્યને,
૧૯૧ જેઓને કંઇ ચિંતવવા જેવું રહ્યું નથી એવા ધ્યાતાઓને પણ ચિંતવવા યોગ્યને,
૧૯૨ સ્વયં કામનાઓ રહિત હોવા છતાં બીજાઓ માટે કામધેનુ સમાનને,
૧૯૩ સંકલ્પ કર્યા વિના જ કલ્પવૃક્ષ સમાન ફળ આપનારને,
૧૯૪ ચિંતન કર્યા વિના જ ચિંતામણીની જેમ ઇષ્ટ ફળ આપનારને,

૧૯૫ ચતુર્દશ-રજ્જ્વાત્મક-જીવલોક ચૂડામણયે,

૧૯૬ ચતુરશીતિ-લક્ષ-જીવાયોનિ-પ્રાણિનાથાય,

૧૯૭ પુરુષાર્થનાથાય,

૧૯૮ પરમાર્થનાથાય,

૧૯૯ અનાથનાથાય,

૨૦૦ જીવનાથાય,

૨૦૧ દેવ-દાનવ-માનવ-સિદ્ધસેનાધિનાથાય. ૮

૧૯૫ ચૌદરાજલોક સ્વરૂપ જીવ લોકમાં મુકટમણિ સમાનને,

૧૯૬ ચોર્યાસી લાખ જીવયોનિના પ્રાણીઓના નાથને,

૧૯૭ સર્વ પુરુષાર્થના સ્વામીને,

૧૯૮ પરમાર્થ-મોક્ષના સ્વમીને,

૧૯૯ અનાથ જીવોના નાથને,

૨૦૦ જીવમાત્રના નાથને,

૨૦૧ દેવો, દાનવો, માનવો અને સિધ્ધ-જયને વરેલી છે સેના જેની, એવા રાજાઓના તથા સિદ્ધસેન સૂરિના નાથને. ૮

**ॐ નમો**
**અર્હતે**

૨૦૨ નિરંજનાય,

૨૦૩ અનંત-કલ્યાણ-નિકેતન-કીર્તનાય,

૨૦૪ સુગૃહીત-નામધેયાય,

૨૦૫ મહિમામયાય,

૨૦૬ ધીરોદાત્ત-ધીરોદ્ધત-ધીરશાન્ત-ધીરલલિત-પુરુષોત્તમ-પુણ્યશ્લોક-શત-સહસ્ર-લક્ષ કોટિ-વન્દિત-પાદારવિન્દાય,

૨૦૭ સર્વગતાય. ૯

ૐકાર પૂર્વક નમસ્કાર થાઓ.
અર્હત્‌ને,

૨૦૨ કર્મ રૂપી અંજનથી રહિતને,

૨૦૩ અનંત કલ્યાણના ધામ-મોક્ષ માર્ગનું કીર્તન-પ્રકાશન કરનારાને, અથવા જેમનું કીર્તન અનંત કલ્યાણનું ધામ છે તેમને,

૨૦૪ સારી રસતે ગ્રહણ કરવા યોગ્ય નામવાળાને,

૨૦૫ મહિમાવંતને,

૨૦૬ ધીરોદાત્ત-ધીરોદ્ધત્ત-ધીરશાંત-ધીરલલિત-પુરુષોત્તમ પવિત્ર કીર્તીવાળા એવા સેંકડો, હજારો, લાખો, ક્રોડો મહાપુરુષો વડે વંદન કરાયેલા છે જેમના ચરણ કમળ તેમને,

૨૦૭ વિશ્વ વ્યાપી પ્રભાવવાળાને. ૯

**ૐ નમો**
**અર્હતે**

૨૦૮ સર્વસમર્થાય,

૨૦૯ સર્વપ્રદાય,

૨૧૦ સર્વહિતાય,

૨૧૧ સર્વાધિનાથાય,

૨૧૨ કસ્મૈચન ક્ષેત્રાય,

૨૧૩ પાત્રાય,

૨૧૪ તીર્થાય,

૨૧૫ પાવનાય,

૨૧૬ પવિત્રાય,

૨૧૭ અનુત્તરાય,

ૐકાર પૂર્વક નમસ્કાર થાઓ.

અર્હત્‌ને,

૨૦૮ સર્વ પ્રકારના સામર્થ્યથી યુકતને,

૨૦૯ સર્વઈષ્ટ વસ્તુઓના આપનારને,

૨૧૦ સર્વ જીવોનું હિત કરનારને,

૨૧૧ સર્વ સ્વામીના પણ સ્વામીને,

૨૧૨ કોઈ મહાન ક્ષેત્ર સ્વરૂપને,

૨૧૩ પાત્ર સ્વરૂપને અથવા પાપોથી બચાવનારને,

૨૧૪ સંસાર સાગરથી તારનાર તીર્થ સ્વરૂપને,

૨૧૫ અન્ય જીવોને શુધ્ધ કરનારાને,

૨૧૬ સ્વયં પવિત્રને,

૨૧૭ સર્વોત્તમને,

૨૧૮ ઉત્તરાય,
૨૧૯ યોગાચાર્યાય
૨૨૦ સંપ્રક્ષાલનાય,
૨૨૧ પ્રવરાય,
૨૨૨ આગ્રેયાય,
૨૨૩ વાચસ્પતયે,
૨૨૪ માંગલ્યાય,
૨૨૫ સર્વાત્મનીનાય,
૨૨૬ સર્વાર્થાય,
૨૨૭ અમૃતાય,
૨૨૮ સદોદિતાય,
૨૨૯ બ્રહ્મચારિણે,
૨૩૦ તાયિને,

૨૧૮ સંસાર સાગરથી પાર ઉતરેલાને,
૨૧૯ યોગ માર્ગના પ્રવર્તકને,
૨૨૦ કર્મ મલનું સારી રીતે પ્રક્ષાલન કરનારને,
૨૨૧ સર્વ શ્રેષ્ઠને,
૨૨૨ સર્વના અગ્રણીને,
૨૨૩ વાણીના અધિપતિને,
૨૨૪ મંગલના કરનારને,
૨૨૫ સર્વ પ્રાણીઓનું હિત કરનારને,
૨૨૬ સર્વ પ્રયોજનની સિદ્ધિના કારણભૂતને,
૨૨૭ અમરપણાને પામેલાને,
૨૨૮ શાશ્વત ઉદયને પામેલાને,
૨૨૯ બ્રહ્મચારીને અર્થાત આત્મસ્વરૂપમાં રમણતા કરનારને,
૨૩૦ રક્ષણ કરનારને,

૨૩૧ દક્ષિણીયાય,

૨૩૨ નિર્વિકારાય,

૨૩૩ વજ્રર્ષભ-નારાચ-મૂર્તયે,

૨૩૪ તત્ત્વદર્શિને,

૨૩૫ પારદર્શિને,

૨૩૬ પરમદર્શિને,

૨૩૭ નિરુપમ-જ્ઞાન-બલ-વીર્ય-તેજઃ-શક્ત્યૈશ્વર્ય-મયાય

૨૩૮ આદિપુરુષાય,

૨૩૯ આદિ-પરમેષ્ઠિને,

૨૪૦ આદિ-મહેશાય.

૨૪૧ મહાજ્યોતિસ્તત્ત્વાય,

૨૪૨ મહાર્ચિ-ર્ધનેશ્વરાય,

૨૩૧ દાક્ષિણ્યવંતને અર્થાત કોઈની પ્રાર્થના ભંગ નહીં કરનારને,
૨૩૨ વિકારોથી રહિતને,
૨૩૩ વજ્ર ઋષભ નારાચ સંઘયણવાળાને,
૨૩૪ તત્ત્વને જોનાર અથવા બતાવનારને,
૨૩૫ પ્રત્યેક પદાર્થોના પરિણામને જોનારાને,
૨૩૬ દ્રષ્ટાઓમાં સર્વશ્રેષ્ઠને,
૨૩૭ અનુપમ કોટિના જ્ઞાન-બળ-પરાક્રમ-તેજ-શકિત અને ઐશ્વર્યથી યુકતને,
૨૩૮ પુરુષોમાં અગ્રાણીને,
૨૩૯ પરમેષ્ઠીઓમાં પ્રથમને,
૨૪૦ મહેશ્વરોમાં પ્રથમને,
૨૪૧ મહાજ્યોતિસ્વરૂપને,
૨૪૨ મહાન તેજ રૂપી ધનના અધિપતિને,

૨૪૩ મહા-મોહ-સંહારિણે

૨૪૪ મહાસત્ત્વાય,

૨૪૫ મહાજ્ઞા-મહેન્દ્રાય,

૨૪૬ મહાલયાય,

૨૪૭ મહાશાન્તાય,

૨૪૮ મહાયોગીન્દ્રાય,

૨૪૯ અયોગિને,

૨૫૦ મહામહીયસે,

૨૫૧ મહાહંસાય,

૨૫૨ હંસરાજાય,

૨૫૩ મહાસિદ્ધાય,

૨૪૩ મહા મોહનો સંહાર કરનારાને,

૨૪૪ મહાન સત્ત્વવાળાને,

૨૪૫ મોટી આજ્ઞા કરવામાં મહેન્દ્ર સમાનને,

૨૪૬ ગુણ સમૂહના મહાન આવાસભૂતને અથવા મહાન લય-સમાધિથી યુકતને,

૨૪૭ મહાશાંતિને પામેલાને,

૨૪૮ મહાયોગીઓમાં શ્રેષ્ઠને,

૨૪૯ મન-વચન-કાયારૂપ યોગથી રહિત અવસ્થાને પામેલાને,

૨૫૦ મહાપુરુષોથી પણ મહાનને,

૨૫૧ મહાન ગુરુને,

૨૫૨ ગુરુઓના પણ ગુરુને,

૨૫૩ મહાન સિદ્ધને,

૨૫૪ શિવ-મચલ-મરુજ-મનન્ત-મક્ષય-મવ્યાબાધ-
મપુનરાવૃત્તિ-મહાનન્દં-મહોદયં-સર્વદુઃખક્ષયં
કૈવલ્ય-મમૃતં-નિર્વાણમક્ષરં
પરબ્રહ્મ-નિઃશ્રેયસ-મપુનર્ભવં-સિદ્ધિગતિ-
નામધેયં સ્થાનં સંપ્રાપ્તવતે,

૨૫૫ ચરાચર-મવતે,

૨૫૬ નમોઽસ્તુ શ્રીમહાવીરાય,

૨૫૭ ત્રિજગત્સ્વામિને,

૨૫૮ શ્રીવર્ધમાનાય. ૧૦

**ૐ નમો**
**અર્હતે**

૨૫૯ કેવલિને,

૨૬૦ પરમયોગિને,

૨૬૧ (ભક્તિમાર્ગ-યોગિને)

૨૫૪ કલ્યાણકારી-અચલ-રોગરહિત-અનંત-અક્ષય-પીડારહિત-જ્યાંથી ફરી પાછા આવવું ન પડે તેવા મહા આનંદમય-મહાઉદયવાળા સર્વદુ:ખ ક્ષયવાળા-અદ્વિતીય-અમૃત-શાંત-નાશ ન પામે તેવા પરબ્રહ્મસ્વરૂપ-કલ્યાણ રૂપ-પુનર્જન્મ રહિત સિદ્ધિગતિ નામના સ્થાનને સારી રીતે પામેલાને.

૨૫૫ ત્રસ-સ્થાવર જીવમય જગતના રક્ષકને,

૨૫૬ નમસ્કાર થાઓ શ્રી મહાવીરને,

૨૫૭ ત્રાણ જગતના સ્વામીને,

૨૫૮ જ્ઞાનાદિ ગુણોથી ઉત્તરોત્તર વૃદ્ધિ પામનારને. ૧૦

**ૐકાર પૂર્વક નમસ્કાર થાઓ.**
**અર્હત્‌ને,**

૨૫૯ કેવલજ્ઞાનીને,

૨૬૦ ઉત્કૃષ્ટ યોગીને,

૨૬૧ (ભકિત માર્ગના યોગીને),

૨૬૨ વિશાલ-શાસનાય,

૨૬૩ સર્વલબ્ધિ-સમ્પન્નાય,

૨૬૪ નિર્વિકલ્પાય,

૨૬૫ કલ્પનાતીતાય,

૨૬૬ કલા-કલાપકલિતાય

૨૬૭ વિસ્ફુર-દુરુ-શુકલધ્યાનાગ્નિ નિર્દગ્ધ-કર્મબીજાય,

૨૬૮ પ્રાપ્તાનન્ત-ચતુષ્ટયાય,

૨૬૯ સૌમ્યાય,

૨૭૦ શાન્તાય,

૨૭૧ મંગલ-વરદાય,

૨૭૨ અષ્ટાદશ-દોષ-રહિતાય,

૨૭૩ સંસૃત-વિશ્વ-સમીહિતાય સ્વાહા. ૧૧

૨૬૨ વિશાળ શાસનવાળાને,
૨૬૩ સર્વ લબ્ધિઓથી યુક્તને,
૨૬૪ વિકલ્પોથી રહિતને,
૨૬૫ કલ્પનાતીત સ્વરૂપવાળાને,
૨૬૬ કળાઓના સમૂહથી મનોહરને,
૨૬૭ વિશેષ રીતે સ્ફુરાયમાન મહાન શુક્લધ્યાન રૂપી અગ્નિ વડે કર્મબીજને સંપૂર્ણ રીતે બાળી નાખનારને
૨૬૮ (અનંત જ્ઞાન-અનંત દર્શન-અનંત ચારિત્ર-અનંતવીર્ય રૂપ) અનંત ચતુષ્ટયને પામેલાને,
૨૬૯ સૌમ્ય સ્વરૂપવાળાને,
૨૭૦ શાંત સ્વભાવવાળાને,
૨૭૧ મંગળ વરદાન આપનારને,
૨૭૨ અઢાર દોષોથી રહિતને,
૨૭૩ સર્વ જીવોના વાંછિતને પૂરનારાને, સ્વાહા. (મારું જીવન સમર્પિત થાઓ) ('સ્વાહા' એ સમર્પણનું બીજ મંત્ર છે.) ૧૧

## ૐ હ્રીં શ્રીં અર્હં નમઃ

(આ મંત્રની ૫ માળા ગણવી પછી આગળના પાંચ શ્લોક બોલવા.)

લોકોત્તમો નિસ્પ્રતિમસ્ત્વમેવ,
ત્વં શાશ્વતં મંગલમપ્યધીશ
ત્વામેકમર્હન્ ! શરણં પ્રપદ્યે,
સિદ્ધર્ષિ-સદ્ધર્મમયસ્ત્વમેવ. ૧

ત્વં મે માતા પિતા નેતા,
દેવો ધર્મો ગુરુઃ પરઃ,
પ્રાણાઃ સ્વર્ગોઽપવર્ગશ્ચ,
સત્ત્વં તત્ત્વં ગતિર્મતિઃ. ૨

આવા આવા અગણિત વિશેષણોથી વિશિષ્ટ એવા અરિહંત પરમાત્માને ૐ હ્રીં શ્રીં એ બીજમંત્રો પૂર્વક નમસ્કાર થાઓ.

હે પ્રભુ ! આપ જ અદ્વિતીય લોકોત્તમ છો,
હે સ્વામિન્ ! આપ શાશ્વત મંગળરૂપ છો;
હે અર્હન્ ! હું એક આપનું જ શરણું સ્વીકારું છું.
હે પ્રભુ ! તમે જ સિદ્ધ છો, ગુરુ છો
અને સમ્યક્ ધર્મસ્વરૂપ છો.. - ૧

હે પરમાત્મન્ ! આપ મારા માતા, પિતા, નેતા,
દેવ, ધર્મ અને પરમ ગુરુ છો; તથા આપ જ
મારા પ્રાણ, સ્વર્ગ, મોક્ષ, સત્ત્વ,
તત્ત્વ, શરણ અને મતિ રૂપ છો.. - ૨

જિનો દાતા જિનો ભોક્તા,
જિનઃ સર્વમિદં જગત્;
જિનો જયતિ સર્વત્ર,
યો જિનઃ સોઽહમેવ ચ. ૩

યત્ કિંચિત્ કુર્મહે દેવ,
સદા સુકૃત-દુષ્કૃતમ્;
તન્મે નિજપદસ્થસ્ય,
હું ક્ષઃ ક્ષપય ત્વં જિન. ૪

ગુહ્યાતિગુહ્ય - ગોપ્તા ત્વં,
ગૃહાણાસ્મત્કૃતં જપમ્
સિદ્ધિઃ શ્રયતિ માં યેન,
ત્વત્પ્રસાદાત્ત્વયિ સ્થિતમ્. ૫

ઇતિ શ્રી વર્ધમાન જિનનામમન્ત્રસ્તોત્રં સમાપ્તમ્
*પ્રતિષ્ઠાયાં શાંતિવિધૌ ચ પઠિતં મહાસુખાય સ્યાત્.*
ઇતિ શક્રસ્તવઃ

જિન દાતા છે, જિન ભોકતા છે, આ આખું જગત જિન સ્વરૂપ છે, જિન આ વિશ્વમાં સર્વત્ર જય પામે છે, વાસ્તવમાં જે જિન છે તે જ હું છું.. - ૩

હે દેવ ! અમે હંમેશા જે કાંઈ પુણ્ય-પાપ કરીએ છીએ, આપના ચરણમાં રહેલા મારા તે કર્મને જિન એવા આપ ક્ષય કરો.
(હું ક્ષઃ એ ક્ષપણ માટેના મંત્રાક્ષરો છે) - ૪

તમે ગુહ્ય કરતાં પણ અતિગુહ્ય રક્ષક છો, આપ અમારા દ્વારા કરાયેલા જાપને ગ્રહણ કરો કે જેથી આપના પ્રસાદથી આપને આશ્રયે રહેલા મને સિદ્ધિની પ્રાપ્તિ થાય.. - ૫

આ પ્રમાણે શ્રી વર્ધમાન જિન નામ મંત્ર સ્તોત્ર સમાપ્ત થયું. પ્રતિષ્ઠામાં તથા શાંતિ-અનુષ્ઠાનમાં આનો પાઠ મહાસુખને માટે થાય છે. આ રીતે શક્રસ્તવ પૂર્ણ થયું.

૧ ઈતીમં પૂર્વોક્ત-મિન્દ્રસ્તવૈકાદશ-

મન્ત્રરાજો-પનિષદ્ગર્ભં

અષ્ટમહા-સિદ્ધિપ્રદં,

સર્વપાપ-નિવારણં,

સર્વ પુણ્યકારણં

સર્વ દોષહરં

સર્વગુણાકરં,

મહાપ્રભાવં,

અનેક-સમ્યગ્દષ્ટિ-ભદ્રક-દેવતા-શત-

સહસ્ર-શુશ્રૂષિતં,

ભવાન્તરકૃતાઽસંખ્ય-પુણ્ય-પ્રાપ્યં,

આ રીતે પૂર્વે કહેલ અગિયાર મહામંત્રોના રહસ્યથી ગર્ભિત આ શક્રસ્તવ, અષ્ટ મહાસિદ્ધિઓને આપનાર છે, સર્વ પાપોનું નિવારણ કરનાર છે, સઘળા પુણ્યનું કારણ છે, સર્વ દોષોને દૂર કરનાર છે, સર્વ ગુણોની ખાણ રૂપ છે, મહાન પ્રભાવશાળી છે,

ભાવિમાં કલ્યાણને પામનારા અનેક સમ્યગ્દષ્ટિ દેવતાઓ દ્વારા સેંકડો અને હજારો વાર સાંભળવાને ઈચ્છાએલું, અથવા અનેક સેંકડો, હજારો, ભદ્રિક, સમ્યગ્દષ્ટિ દેવતાઓ વડે સેવાએલું છે,

ગયા જન્મોમાં કરેલા અસંખ્ય પુણ્યોથી પ્રાપ્ત કરી શકાય તેવું છે,

સમ્યગ્ જપતાં, પઠતાં,
ગુણયતાં,
શ્રુણ્વતાં,
સમનુપ્રેક્ષમાણાનાં,
ભવ્યબીવાનાં
ચરાચરેઽપિ જીવલોકે
સદ્વસ્તુ તન્નાસ્તિ યત્
કરતલ-પ્રાણયિ ન ભવતીતિ.
કિંચ -

૨ (ઈતીમં પૂર્વોક્ત.. ભવ્યજીવાનાં) ભવનપતિ-વ્યન્તર-જ્યોતિષ્ક વિમાનવાસિનો દેવાઃ સદા પ્રસીદન્તિ, વ્યાધયો વિલીયન્તે.

તેને સારી રીતે જાપ કરનારા, પાઠ કરનારા, ગુણન અર્થાત વારંવાર સ્મરણ કરનારા, સાંભળનારા, અને સારી રીતે ચિંતન કરનારા, ભવ્ય જીવોને માટે,
આ ચરાચર જીવલોકમાં
એવી કોઈ પણ સારી વસ્તુ નથી કે જે પોતાની મેળે જ હાથમાં ન આવે.
અને વળી -

૨ આ પ્રમાણે આ (દ્વિતીય આલાપકમંત્ર રૂપ) શક્રસ્તવનો જાપ વિગેરે કરનારા ભવ્યાત્માઓ ઉપર ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ્ક તથા વૈમાનિક દેવતાઓ હંમેશા પ્રસન્ન થાય છે અને રોગો નાશ પામે છે.

૩ (ઈતીમં પૂર્વોક્ત... ભવ્યજીવાનાં)
પૃથિવ્યપ્-તેજો-વાયુ-ગગનાનિ
ભવન્ત્યનુકૂલાનિ

૪ (ઈતીમં પૂર્વોક્ત... ભવ્યજીવાનાં)
સર્વ-સંપદાં-મૂલં જાયતે જિનાનુરાગઃ

૫ (ઈતીમં પૂર્વોક્ત... ભવ્યજીવાનાં) સાધવઃ
સૌમનસ્યેનાઽનુગ્રહપરા ભવન્તિ.

૩ આ પ્રમાણે આ (તૃતીય આલાપક-મંત્રરૂપ) શક્રસ્તવનો જાપ વિગેરે કરનારા ભવ્ય જીવોને, પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, આકાશ એ પાંચ મહાભૂતો અનુકૂળ થાય છે.

૪ આ પ્રમાણે આ (ચતુર્થ આલાપક-મંત્રરૂપ) શક્રસ્તવનો જાપ વિગેરે કરનારા ભવ્ય જીવોમાં, સર્વ સંપતિઓનું મૂળ કારણ એવો જિનેશ્વર પ્રભુ પ્રત્યે અનુરાગ પ્રગટ થાય છે.

૫ આ પ્રમાણે આ(પાંચમા આલાપક-મંત્રરૂપ) શક્રસ્તવનો જાપ વિગેરે કરનારા ભવ્ય જીવો ઉપર સજજન મહાત્માઓ શુભ મનથી અનુગ્રહ કરવામાં તત્પર થાય છે.

૬ (ઈતીમં પૂર્વોક્ત... ભવ્યજીવાનાં)
ખલાઃ ક્ષીયન્તે

૭ (ઈતીમં પૂર્વોક્ત... ભવ્યજીવાનાં)
જલ-સ્થલ-ગગનચરાઃ
ક્રૂરજન્તવોઽપિ મૈત્રીમયા
જાયન્તે

૮ (ઈતીમં પૂર્વોક્ત... ભવ્યજીવાનાં)
અધમવસ્તૂન્યપિ ઉત્તમવસ્તુ-ભાવં પ્રપદ્યંતે

૬ આ પ્રમાણે આ (છઠ્ઠ આલાપક-મંત્રરૂપ) શક્રસ્તવનો જાપ વિગેરે કરનારા ભવ્ય જીવોને, દુર્જનો ઉપદ્રવ કરી શકતા નથી.(તેમની દુર્જનતા ક્ષીણ થાય છે)

૭ આ પ્રમાણે આ (સાતમા આલાપક-મંત્રરૂપ) શક્રસ્તવનો જાપ વિગેરે કરનારા ભવ્ય જીવો ઉપર જલચર, સ્થલચર અને ખેચર એ ત્રાણેય પ્રકારના ક્રૂર પ્રાણીઓ પણ મૈત્રીભાવને ધારણ કરનારા થાય છે.

૮ આ પ્રમાણે આ(આઠમા આલાપક-મંત્રરૂપ) શક્રસ્તવનો જાપ કરનારા ભવ્ય જીવોને અધમ વસ્તુઓ પણ ઉત્તમ વસ્તુપણાને પ્રાપ્ત કરે છે.

૯ (ઈતીમં પૂર્વોક્ત... ભવ્યજીવાનાં)
ધર્માર્થકામા ગુણાભિરામા
જાયન્તે

૧૦ (ઈતીમં પૂર્વોક્ત... ભવ્યજીવાનાં)
ઐહિક્યઃ સર્વા અપિ શુદ્ધ-ગોત્ર-
કલત્ર-પુત્ર-મિત્ર-ધન-ધાન્ય-
જીવિત-યૌવન-રૂપાડડરોગ્ય-યશઃ
પુરસ્સરાઃ
સર્વજનાનાં સંપદઃ પરભાગ-જીવિત-
શાલિન્યઃ સદુદર્કાઃ સુસંમુખીભવન્તિ.

૯ આ પ્રમાણે આ (નવમા આલાપક-મંત્રરૂપ) શક્રસ્તવનો જાપ વિગેરે કરનારા ભવ્ય જીવોને, ધર્મ, અર્થ અને કામ એ ત્રણેય પુરુષાર્થ ગુણોથી મનોહર થાય છે.

૧૦ આ પ્રમાણે આ (દશમા આલાપક-મંત્રરૂપ) શક્રસ્તવનો જાપ વિગેરે કરનારા ભવ્ય જીવોને શુદ્ધ ગોત્ર, પત્ની, પુત્ર, મિત્ર, ધન, ધાન્ય, જીવન, યૌવન, રૂપ, આરોગ્ય, યશ વિગેરે પરકાષ્ઠાને પામેલી અને શુભ ઉદયને કરનારી આ લોકની સર્વ સંપત્તિઓ સારી રીતે સન્મુખ થાય છે.

## કિં બહુના ?

૧૦ ઈતીમં પૂર્વોક્ત... ભવ્યજીવાનાં
આમુષ્મિકયઃ સર્વમહિમા-સ્વર્ગાપવર્ગ-
શ્રિયોઽપિ ક્રમેણ યથેચ્છં સ્વયં
સ્વયંવરણોત્સવ-સમુત્સુકા ભવન્તીતિ.
સિદ્ધિદઃ શ્રેયઃ સમુદાયઃ

યથેન્દ્રેણ પ્રસન્નેન, સમાદિષ્ટોઽર્હતાં સ્તવઃ,
તથાઽયં સિદ્ધસેનન પ્રપેદે સંપદા પદમ્.
ઈતિ શક્રસ્તવઃ

## વધુ શું કહીએ ?

૧૧ આ પ્રમાણે આ (અગિયારમા આલાપક- મંત્રરૂપ) શક્રસ્તવનો જાપ વિગેરે કરનારા ભવ્ય જીવોને સર્વ મહિમાવાળી સ્વર્ગ અને મોક્ષની લક્ષ્મીઓ પણ અનુક્રમે પોતાની મેળે જ વરવા માટે સ્વયંવરના ઉત્સવમાં સારી રીતે ઉત્સુક થાય છે. સિદ્ધિને આપનાર કલ્યાણના સમુદાયની પણ પ્રાપ્તિ થાય છે.

પ્રસન્ન થયેલા ઈન્દ્રે આ અર્હત્ પ્રભુના સ્તવને જે રીતે જણાવ્યો તે પ્રમાણે સંપત્તિઓના સ્થાનભૂત આ શક્રસ્તવને આચાર્ય સિદ્ધસેનસૂરિએ સ્વીકાર્યો.

આ પ્રમાણે શક્રસ્તવ સમાપ્ત થયું.

પરમાત્માની અષ્ટપ્રકારી પૂજા એ ભક્તિની જ ધન્ય કક્ષા. પરમાત્માના ગુણોનું ઉત્કીર્તન એ ભક્તિની મધ્યમ કક્ષા. પરમાત્માના ગુણોનું સ્વ જીવનમાં અવતરણ એ છે ભક્તિની ઉત્કૃષ્ટ કક્ષા.


ઉકરડામાં પડતું ગુલાબ તો નષ્ટ થઈ જાય છે પણ દૂધમાં પડતી સાકર નષ્ટ નથી થઈ જતી પણ વ્યાપક બની જાય છે. રાગી પર રાગ કરનારો તો નષ્ટ થઈ જાય છે પણ વીતરાગી પર રાગ કરનારો નષ્ટ ન થતાં વ્યાપક બની જાય છે...


આપણે ઈચ્છીએ છીએ દુઃખ મુક્તિ
અને
પ્રભુ ઈચ્છે છે દોષ મુક્તિ !
સુખમેળવવાની ગણતરી આપણી
અને
ગુણના ઉઘાડની ખાતરી પરમાત્માની !
બોલો શું જોઈએ ?


દિવ્યકૃપા

# તસ્મૈ શ્રી ગુરવે નમઃ


વિજયસામ્રાજ્ય








સૌમ્ય સ્વભાવી, સાહિત્ય દિવાકર
પ.પૂ.આ.ભ.
શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.



સરલ સ્વભાવી, વર્ષીતપારાધક
પ.પૂ.આ.ભ.
શ્રી કવીન્દ્રસાગરસૂરીશ્વરજી મ.સા.




જયોતિષાચાર્ય, મંત્ર વિશારદ
પ.પૂ.આ.ભ.
શ્રી વીરભદ્રસાગરસૂરીશ્વરજી મ.સા.



આગમ અભ્યાસી, મેવાડરત્ન
પ.પૂ.આ.ભ.
શ્રી મહોદયસાગરસૂરીશ્વરજી મ.સા.

**ભુલો ભલે બીજુ બધુ, મા-બાપને ભુલશો નહીં,**
**અગણિત છે ઉપકાર એના, એહ વિશરસો નહીં.**



**પૂ. પિતાશ્રી હિરાચંદભાઈ તથા પૂ. માતુશ્રી ઈન્દુમતીબેન**
**ચરણે વંદના.....**




*Aarham*

**Tour & Caterers**

**Bhadresh Chheda**
B.E. (Civil), M.A. (Jainalogy)
**09920890941 / 07498890941**

**Alpa Chheda**
**09323053456**

**E-mail: aarhamtour@gmail.com**

Alpa Creation: 9920890941